# યુનિટ-2

# મહિલા ઉદ્યોગ સાહસિક

ખ્યાલ, કાર્યો, મ.ઉ.સા.ની સમસ્યાઓ / પડકારો. ભારતમાં મ.ઉ.સા.નો વિકાસ, મહિલા સંગઠનોની ભૂમિકા.

**વ્યાખ્યા:-**

ભારતીય કાયદા શાસ્ત્ર મુજબ સ્ત્રી, ઉદ્યોગ સાહસ એ છે કે જ્યાં સમગ્ર ઉદ્યોગ સ્ત્રી દ્વારા નિયંત્રિત કરવામાં આવે છે. તેમજ કુલ મુડી માંથી 51 ટકા હિસ્સો સ્ત્રી દ્વારા પૂરો પાડવામાં આવતો હોય અને આજ એડમ દ્વારા પૂરી પાડવામાં આવતી રોજગારીમાં પણ 51 ટકા રોજગારી સ્ત્રીઓ અથવા મહિલાઓને આપવામાં આવતી હોય.

મ.ઉ.સા. એટલે એવી મહિલાઓ જે ધંધાકીય એકમની સ્થાપના કરે છે. ઉત્પાદનના સાધનોને એકત્રિત કરી તેના ઉપયોગથી કોઇ ધંધો ચલાવે છે અને જોખમો લઇને આર્થિક અનિશ્ચિતથાનો સામનો કરે છે.

મ.ઉ.સા. એટલે મહિલા અથવા મહિલાઓનું એક એવું સમુદાય જે ધંધો કરવા માટે ના ખ્યાલને અમલમાં મૂકે છે અને ધંધાકીય એકમ ચલાવે છે.

કોઇપણ મહિલા કે મહિલાઓનુંસમુદાય જે નવા વિચારોનું સર્જન કરી તે ખ્યાલને અલમમાં મુકવાની પહેલ કરી આર્થિક પ્રવૃત્તિ શરૂ કરે છે તેને મ.ઉ.સા. કહી શકાય.

**મ.ઉ.સા.ના કાર્યો:-**

1. નવીનીકરણ
2. જોખમ લેવું
3. સંસ્થાકીય માળખાની રચના કરવી.

મ.ઉ.સા.ને એક મહિલા અથવા મહિલાઓના જૂથ તરીકે વ્યાખ્યાયિત કરી શકાયછે. જેઓ વ્યાવસાયિક એકમ શરૂ કરે છે. જરૂરી સાધનો ભેગા કરે છે અને ઉદ્યોગ ચલાવે છે તેમને મ.ઉ.સા.તીરકે ઓળખી શકાય. મ.ઉ.સા. એવી મહિલાઓ છે જેવો ધંધાકીય એકમ વિશે વિચારે છે. તેને શરૂ કરે છે. ઉત્પાદનના પરિબળોને સંગઠિત કરે છે. તેનું સંયોજન કરે છે. ધંધાકીય એકમનું સંચાલન કરે છે. અને જોખમો ઉઠાવે છે.તેઓ ધંધો કરવામાં રહેલી આર્થિક અનિશ્ચિતથાઓનો સામનો કરે છે.

એક ઉદ્યોગ સાહસિક તરીકે  એક મહિલા ઉદ્યોગ સાહસિકે ધંધાકીય એકમની સ્થાપનામાં સામેલ તમામ કાર્યકરવા પડે છે. આમાં ધંધો કરવાના વિચારની ઉત્પત્તિ, ધંધાના ઉદ્દેશોનું નિર્ધારણ, પ્રોજેક્ટની શોધ ઉત્પાદન વિશ્લેષણ, વ્યાવસાયિક એકમના સ્વરૂપનું નિર્ધારણ, ધંધો શરૂ કરવાની તૈયારીઓ, ભંડોળ ઉભું કરવું, મશીન, માણસો તથા કાચામાલની ખરીદી કરવી અનેસમગ્ર વ્યવસ્થાતંત્રનું સંચાલન કરવું જેવાકર્યોનો સમાવેશ થાય છે.

ફ્રેડરિક ડાર્વિસન (1956)- ફ્રેડરિક ડાર્વિસને મ.ઉ.સાના નીચેના પાંચ કર્યોનું વર્ણન કર્યું છે.

1. નવું ધંધાકીય એકમ શરૂ કરવાની સંભાવના / ખ્યાલ વિશ્લેષણ
2. વ્યવસાયમાં સંકળાયેલ જોખમો તથા આર્થિક અનિશ્ચિતથાઓનો સામનો કરવો.
3. નવીનીકરણ કરવું અથવા નવીનતાનું અનુકરણ કરવું.
4. સંકલન વહીવટ અને અંકુશ
5. દેખરેખ અને નેતાગીરી.

ઉદ્યોગ સાહસિકની વ્યાખ્યાની જેમ જુદાં-જુદાં વિધવાનોએ ઉદ્યોગ સાહસિક દ્વારા કરવામાં આવતા કાર્યને જુદી-જુદી રીતે વિભાજીત/ વર્ગીકરણ કર્યું છે. ભલે એ પુરૂષ હોય કે સ્ત્રી તમામ ઉદ્યોગ, સાહસિકના કાર્યોને નીચેની ત્રણ શ્રેણીઓમાં વર્ગીકૃત કરી શકાય.

1. નવીનીકરણ કરવું.

2 જોખમ ખેડવું.

3. વ્યાવસાયિક માળખાની રચના કરવી.

**1. નવીનીકરણ કરવુઃ-** નવીનતા એ સ્ત્રી ઉદ્યોગ સાહસિકનું મુખ્ય કાર્ય કરે છે. એક ઉદ્યોગ સાહસિક તરીકે મ.ઉ.સા. જુદી-જુદી પ્રવૃત્તિઓ જેવી કે કાચામાલની ખરીદી, ઉત્પાદન પ્રક્રિયા, વસ્તુનું માર્કેટિંગ અને જાહેરાત વગેરેમાં શું નવીનતા શક્ય છે તેનો સતત અભ્યાસ કરવો પડે છે. એક સારી તથા નવીન શોધ ધંધાકીય એકમ ને નવીન ઊંચાઇ પર લઇ જવામાં ખૂબ મદદરૂપ રહે છે.

**2. જોખમ લેવુઃ-** એક ધંધાકીય એકમમાં એકમ શરૂ કરવામાં તથા તે એકમ ને ચલાવવામાં આર્થિક અનિસ્છિતથાઓ તથા જોખમ રહેલું છે. ઘણીવાર હરીફાઇને કારણે ગ્રાહકની પસંદગીમાં થયેલા ફેરફારને કારણે બજારમાં તથા ઉતાર-ચઢાવને કારણે અથવા અન્યકોઇ કારણ સર વસ્તુની માંગમાં તથાતેમાંથી થઇ આવકમાં વધારો-ઘટાડો જોવા મળે છે. એક ઉ.સાહસિક તરીકે મહિલાએ આર્થિક અનિશ્ચિતથાઓ તથા ધંધામાં રહેલી તેજી-મંદીનો સામનો કરવો પડે છે. જોખમ વગર ઉદ્યોગ સ્થાપવો તથા તેને સફલ રીતે ચલાવવો શક્ય નથી.હંમેશા નવીન ખ્યાલોને વ્યાપારમાં લાવી તેનું અમલીકરણ કરી અને તેના કારણે ઊભા થતા જોખમને ખેડવા માટે મ.ઉ.સા. તત્પર રહેવું પડે છે.

**3. વ્યવસાયિક માળખાની રચના કરવીઃ-**

મ.ઉ.સા.નું મુખ્યકાર્ય ઉદ્યોગ એકમની સ્થાપના તથા તેનું સંચાલન કરવાનું છે. એક ઉદ્યોગિક એકમને ચલાવવા માટે તેમના સંચાલનના વિવિધ વિવિધ કાર્ય જેમ કે આયોજન, સંકલન, દોરવણી, અંકશ વગેરે સફળતાપૂર્વક કરવા પડે છે. વ્યવસાયિક એકમનું સમયસર જરૂરી સાધનો

જેવા કે માણસો, મશીન, મૂડી મળી રહે તથા તેનો શ્રેષ્ઠતમ ઉપયોગ થાય તે જોવાનું કાર્ય મ.ઉ.સા. કરે છે.

**મ.ઉ.સા.ની સમસ્યાઓ/પડકારોઃ-**

મ.ઉ.સા. ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જેમાંની કેટલીક સમસ્યાઓ સામાન્ય સમસ્યાઓ છે. જેનો ઘણા ઉદ્યોગ સાહસિકો સામનો કરી રહ્યા છે. જ્યારે કેટલીક મસ્યાઓ માત્ર મ.ઉ.સા. પૂરતી મર્યાદિત છે.

મ.ઉ.સા.ની મુખ્ય સમસ્યાઓ નીચે મુજબ છે.

1. **નાણાંની સમસ્યાઃ-** નાણાંને કોઇપણ ઉદ્યોગ માટે લેઇફબ્લ્ડે ગણવામાં આવેછે. મહિલાઓ સાથે સંકળાયેલી ઉદ્યોગમાં નાણાંકીય તંગી જોવા મળે છે. મહિલાઓ પાસે સામાન્ય રીતેતેમના નામ પર મિલકત હોતી નથી. તેનો ઉપયોગ કરીતેઓ બાહ્ય સ્રોતોમાંથી ભંડોળ મેળવી શકે. આમ, ભંડોળના બાહ્ય સ્રોતો સુધી મહિલાની પહોંચ મર્યાદિત છે.

બેંક પણ મહિલાઓને ઓછી ધિરાણ પાત્ર ગણે છે તથા મહિલાઓ કોઇ પણ સમયે વ્યવસ્થા છોડી શકે છે. તેવી માન્યતાને કારણે મહિલાઓને ધિરાણ લેવામાં ઘણી તકલીફ પડે છે. વળી, બેંકમાંથી ધિરાણ લેવાની જટીલ પ્રક્રિયા મ.ઉ.સા.ને નાશીપાસ કરી દે છે. આવી પરિસ્થિતિને જોતા મ.ઉ.સા. પોતાની બચત, સગા-સંબંધો તથા મિત્રો પાસેથી મળતી લોન પર આધાર રરાખવા મજબૂર બને છે. આમ, મહિલા સાહસો નાણાંની અછતનેકારણે નિષ્ફળ જાય છે.

2. **કાચામાલની અછતઃ-** મ.ઉ.સા. ને કાચોમાલ અને જરૂરી સામગ્રી પ્રાપ્ત કરવામાં મુશ્કેલી પડે છે. એક તરફ મહિલાઓ કાચામાલના વધુ ભાવ ચુકવવા પડે છે. અને બીજીતરફ તેમનો ખૂબ ઓચા વટાવથી કાચોમાલ મળે છે. 1971માં વાસ્કેટ નિર્માણમાં રોકાયેલી ઘણી મહિલા સંસ્થાઓ

નિષ્ફળ ગઇ. જેનું મુખ્યાકરણ મહિલાઓને સામનો કરવો પડતી અછતનું છે. આ ઉદાહરણ બતાવે છેકે કેવી રીતે કાચામાલની અછતને કારણે મહિલા દ્વારા ચલાવવામાં આવતા ઉદ્યોગો બંધ થાય છે.

**3. સખત હરીફાઇ/સ્પર્ધાઃ-**

મ.ઉ.સા. પાસેકોઇ વ્યવસ્થિત સંસ્થાકીય માળખું હોતું નથી. તથા તેમની પાસે પ્રચાર અને જાહેરાત માટે પુષ્કળ નાણાં ખર્ચવાની તાકાત હોતી નથી. આમ, મ.ઉ.સા. સંગઠિત ક્ષેત્રે અને તેમના સમકક્ષ, પુરુષ ઉદ્યોગ સાહસિકો બને છે સાથે તેમના ઉત્પાદનનું માર્કેટિંગ કરવા માટે સખત સ્પર્ધાનો સામનો કરવો પડે છે. ઘણીવાર આ સખત સ્પર્ધામાં ટકી ન શકવા નેકારણે મહિલા સાહસો બંધ થાય છે.

**4. મર્યાદિત ગતિશીલતાઃ-**

ભારતમાં મહિલાઓની ગતિશીલતા વિવિધ કારણોસર અથ્યંત મર્યાદિત છે. એક ધંધાકીય સાહસ શરૂ કરવા માટેની અઘરી કામગીરી તથા મહિલાઓ પ્રત્યે ઉપરી આધિકારીઓનું વલણ મહિલાઓને ઉદ્યોગ સાહસિક બનતા રોકે છે. હજુ પણ ઘણી જગ્યાએ સ્ત્રીઓને વ્યાજબી ભાવે અને ઉદાર માલ સામાન લેવામાં તકલીફ પડે છે.

**5. કૌટુંબિક અથવા પારિવારિક સંબંધોઃ-**

ભારતીય મહિલાઓની મુખ્ય ફરજ તેમના પરિવાર તથા અન્ય સભ્યો તેમજ બાળકોની દેખરેખ રાખવાનું હોય ચે. ઘરના કાર્યોમાં પુરૂષની ભૂમિકા ગૌણ હોય છે. પરણિત સ્ત્રીઓના ખિસ્સામાં વ્યવસાય અને કુટુંબ વચ્ચે યોગ્ય સંતુલન જાળવવું પડે છે. પતિના તેમજ પરિવારના સહકાર અને અનુમતિ વગર ધંધો શરૂ કરવો અને સફળ થવું શક્ય નથી. પતિનું શિક્ષણ અને પરિવારનો મહિલા ઉદ્યોગ સાહસિક પ્રત્યેનું વલણ મહિલા ઉ.સા.ના વિકાસ માટે અવરોધક બને છે. વધુ પડતી કૌટુંબિક જવાબદારીને કારણે ઘણી મહિલાઓ વ્યવસાય છોડી દેવાનું પસંદ કરે છે.

## 6. શિક્ષણનો અભાવ:-

ભારતમાં હજુ પણ લગભગ 60 ટકા સ્ત્રીઓનો શિક્ષણનું પ્રમાણ ઓછું છે. નિરક્ષરતાએ સામાજિક અને આર્થિક સમસ્યાઓનું મુખ્ય કારણ છે. શિક્ષણનો અભાવ અનેતેમાં પણ ગુણાત્મક શિક્ષણ જેવું કે વિજ્ઞાન અને ટેકનોલોજી વગેરેથી મહિલાઓ વાકેફ નથી. શિક્ષણનો અભાવ મહિલાઓમાં ઓછી સિદ્ધિ પ્રેરણાનું કારણ બને છે. આમ, શિક્ષણન અભાવ ધંધાકીય એકમની સ્થાપના અને સંચાલનમાં મહિલાઓ માટે પડકારરૂપ બને છે.

## 7. પુરુષ પ્રધાન સમાજ:-

ભારતનું બંધારણ સ્ત્રી તથા પુરુષ વચ્ચેનું સમાનતા બતાવે છે. પરંતુ વ્યવહારમાં સ્ત્રીને પુરુષ કરતા નબળી સમજવામાં આવે છે. ભારતમાં સ્ત્રીને હજુ પણ અબલા તરીકે જોવામાં આવે છે. તથા પુરુષને સમકક્ષગણવામાં આવતી નથી. સમાજનું આ ભેદભાવ ભર્યું વલણ વ્યવસાયમાં મહિલાઓના પ્રવેશ માટે અવરોધક બને છે.

## 8. ઓછું જોખમ ખેડવાની ક્ષમતા:-

ભારતમાં મહિલાઓ સુરક્ષિત જીવન જીવે છે. ઘણી મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. જે તેમની જોખમ વહન કરવાની ક્ષમતાને ઘટાટે છે. આર્થિક રીતે સદ્ધર ન હોવાથી ઘણી હમલાઓ જોખમ ભર્યા ધંધાના નિર્ણયો લઇ શકતી નથી. કોઇ પણ ઉદ્યોગ સાહસિકની સફળતા માટે જોખમ ખેડવું ખૂબ આવશ્યક છે. મહિલાઓની ઓછું જોખમ ખેડવાની ક્ષમતા તેમની મ.ઉ.સા.ની યાત્રામાં અવરોધરૂપ બને છે.

## 9. ઓછી સિદ્ધિ પ્રેરણા:-

સિદ્ધિ પ્રેરણા એ ઉ.સા. માટે મહત્ત્વનો આદાર સ્તંભ છે. સિદ્ધિથી પ્રેરણા સંબંધી અનેક પ્રેરણા સંશોધનો થયેલા છે. જેમાંથી ડેવિડમેડલેન્ડે રજૂ કરેલી જરૂરીયાત લક્ષી પ્રેરણાનો અભ્યાસ

ખૂબ અસરકારક સાબિત થયો છે. પુરુષોના પ્રમાણનાં મ.ઉ.સા.માં સિદ્ધિ પ્રેરણાનું પ્રમાણ ઓછું જોવા મળે છે. મહિલાઓમાં સત્તાની આવસ્યકતા, કંઇક મેળવવાની ઇચ્છા શક્તિ તેમજ સફળ ઉદ્યોગ, સા બનવાની ઇચ્છાનો અભાવ જોવા મળે છે. હજુ પણ ઘણી મહિલાઓ સ્વતંત્ર રીતે પોતાના નિર્ણય લેતા ખચકાટ અનુભવે છે. મટાભાગની મહિલાઓ માટે તેમના પતિ અને પિતા દ્વારા લેવાયેલા નિર્ણયો ને આખરી ગણવામાં આ છે.

**10. માર્કેટિંગ તથા વેચાણને લગતી સમસ્યાઓઃ-**

પોતાની વસ્તુના માર્કેટિંગ તથા વેચાણ માટે સ્ત્રી ઉદ્યોગ સાહસિક દલાલો તેમજ વચેટિયા માણસ ઉપર નિર્ભર રહે છે. આ લોકો મોટા ભાગનો નફો ખાય જાય છે. અને મ.ઉ.સા.નું શોષણ કરે છે. મ.ઉ.સા. માટે આ દલાલો તેમજ વચેટિયાઓ વગર પોતાની વસ્તુનું વેચાણ કરવું અઘરું બને છે. કારણ કે તેની ગતિશીલતા મર્યાદિત હોય છે. તેમજ બજારનું પૂર્ણ જ્ઞાન હોતું નથી. ઘણીવાર માર્કેટિંગ તથા જાહેરાતના વધુ ખર્ચને ન પહોંચી વળવાને કારણે તેણી વેચાણ માટે મધ્યસ્થીઓ પર નિર્ભર રહે છે.

**11. વધુ ઉત્પાદન ખર્ચઃ-**

મ.ઉ.સા.ના વિકાસને સ્થગીત કરનાર એક મુખ્ય પરિબળ ખર્ચાળ ઉત્પાદન છે. સરકાર દ્વારા મળતી મદદ તેમજ સબસીડી તેમને બજારમાં ટકીરહેવા માટે મદદરૂપ થાય છે. પરંતુ હરિફાઇમાં ટકી રહેવા તેમને ઉત્પાદન ખર્ચ ઘટાડી ઓછા ભાવે વસ્તુઓ  વેચવી પડતી હોય છે. મ.ઉ.સા. ને નાણાં તેમજ કાચામાલની અછતમાં કામ કરવું પડે છે. તેને ઘણીવાર પુરુષોના પ્રમાણમાં વધુ કિંમતે કાચોમાલ ખરીદવો પડે છે. જે ઉત્પાદન ખર્ચને વધારે છે.

**12. સંપત્તિનો અભાવઃ-**

ધંધો ચાલુ કરવા મટે નાણું મૂડી ખૂબ જ મહત્ત્વની છે. નાણાંનો અશરકારક ઉપયોગ મલિકતોની ખરીદી તેમજ આ મિલકતનો ઉપયોગ કરી અસરકારક રીતે ધંધો કરવો ઉદ્યોગ સાહસિક માટે ખૂબ જ જરૂરી હોય છે. સંપત્તિના અભાવે મ.ઉ.સા. વધુ નાણાંનું રોકાણ કરી શકતા નથી. ધંધામાં જરૂરી સમય અને શક્તિના અભાવે મહિલા ઉદ્યોગ સાહસિક સફળ થતા નથી.

**13. અનુભવનો અભાવઃ-**

ઉદ્યોગ સાહસિકના દરેક પગથિયે અનુભવની જરૂર પડે છે. તકની ઓળખ કરવાથી લઇને ધંધાની સ્થાપના સુધી ના દરેક પગથિયે ઉદ્યોગ સાહસિકતાનો અનુભવ જરૂરી બને છે. આ સાથે માહિતી ભેગી કરવી બજાર તથા તેની પરિસ્થિતિનું અનેતેમાં થતા ફેરફારોનો અંદાજ લગાવવો જેવા કાર્યમાં અનુભવની આવશ્યકતા હોય છે. કાંઇક નવું કરવાની અને નવીતકની ઓળખ કરવામાં શિક્ષણ અને અનુભવ મહત્ત્વનો ભાગ ભજવે છે. અનુભવના અભાવે ઘણા મહિલા સાહસો સફળ થતા નથી.

ઉપરોક્ત સમસ્યાઓ ઉપરાંત અપૂરતી માળખાકીય સુવિધાઓ ટેકનિકલ જ્ઞાનનો અભાવ આર્થિક તથા સામાજિક સમસ્યાઓ અનેસામાજિક વલણ મહિલાઓને ઉદ્યોગ સાહિસક બનતા અટકાવે છે.

**મહિલા ઉદ્યોગ સાહિસકના સંગઠનોની ભૂમિકાઃ-**

મહિલા ઉદ્યોગ સાહસિકોના વિકાસ સાથે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે મહિલા સાહસિકોના કેટલાક સંગઠનોની સ્થાપના કરવામાં આવી છે. આ સંગઠનોનો મુખ્ય હેતુ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં મહિલા સાહિસકતાના વિકાસ માટે અનુકૂળ વાતાવરણ ઉભું કરવાનું છે. આ સંગઠનો નીચેના હેતુઓ માટે કાર્ય કરે છે.

1. મહિલા ઉદ્યોગ સાહસિકોને ભેગા કરી એક છત નીચે લાવવા.

2. મહિલા સાહસિકોમાં એકતા અને ભાઇચારાની લાગણી વિકસાવવી.

3. મહિલા સાહસિકોમાં આત્મવિશ્વાસ અને આશાવાદ વધારવો.

4. મહિલા ઉદ્યોગ સાહસિકોની સમસ્યાઓ સંબંધિત અધિકારી સમક્ષ રજૂ કરવી તથા તેના નિવારણ માટેના પગલાઓ પર વિચારણા કરવી.

5. મ.ઉ.સા. માટે વિવિધ રાહતો, સબસીડી અને સહાય માટે પ્રયત્ન કરવા.

6. મહિલાઓ માટે ઉદ્યોગ-સાહસિક વિકાસ કાર્યક્રમો હાથ ધરવા.

7. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં સહયોગથી ઉદ્યોગ સાહસિકતા વિષયપૂર્વક સેમિનાર અને પરિષદોનું આયોજન કરવું.

8. મહિલાઓમાં ઉદ્યોગ સાહસિકતાના ખ્યાલને વ્યાપક બનાવવો.

9. મહિલા સાહસિકતાને પ્રોત્સાહન આપવા જરૂરી સંપર્કો સ્થાપિત કરવા.

10. મ.ઉ.સા.ને કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો કરવામ ટે પ્રવૃત્તિઓ હાથ ધરવી.

ભારત અને વિદેશમાં મહિલા સાહસિકોનો કેટલાક સંગઠનોનીચે મુજબ છે.

1. NAYEની મહિલા ઉદ્યોગ સાહસિક પાંચઃ- નેશનલ એલાયન્સ એન્ટર પ્રેન્યોર્સની મહિલા સાહસિકો માટે કામ કરીત અગ્રણી સંસ્થા છે. આ સંસ્થા મહિલા ઉદ્યોગ સાહસિકોમાં એકતા બનાવવા અને દેશના ઔદ્યોગિકરણમાં સક્રીય પણે ભાગ લેતા મહિલાઓને પ્રોત્સાહિત કરે છે. તે કેન્દ્ર તથા રાજ્ય સરકારોને મહિલા ઉદ્યોગ સાહસિકોને વિશેષ પ્રતોસાહનો અને સુવિધાઓ પુરી પાડવા વિનંતી કરે છે. આ સંસ્થા મહિલા સાહસિકો માટે સેમિનાર તથા પરિષદોનું પણ આયોજન કરે છે.

2. **ભારતીય મહિલા ઉદ્યોગ સાહસિક પરિષદઃ-**

તે નવી દિલ્લીમાં સ્થિત છે અને દેશમાં મહિલા ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે મહત્ત્વનો ભાગ ભજવે છે.

3. FICCI (Fedration of Idnian Chember of Commerce and Industry) ladies organization FLO):-

આ સંસ્થા મહિલાઓને બિઝનેશ તથા અન્ય ક્ષેત્રમાં સક્રિય ભાગ લેવા માટે પ્રેરિત કરે છે. જે માટે તે મિટિંગ અને ચર્ચાઓનું આયોજન કરે છે. સંસ્થા જે મહિલાઓએ ઉદ્યોગ 7ત્રે પોતાની આગવી ઓળક બનાવી હોયતેમને સન્માનિત કરે છે.

**4. નેશનલ કમિશન ઓન સેલ્ફ એમ્પલોયર વુમેન ઇન ફોર્મલ સેક્ટરઃ-**

આ સંસ્થા મહિલા સાહસિકોને કાચો માલ, ધિરાણ અને બજાર સહાય પ્રાપ્ત થાયતે માટે કાર્ય કરે છે. સંસ્થા મહિલા સાહિસકોના ઉત્પાદનો માટે ગ્રાહક સરકારી સંસ્થાઓ સુપર-માર્કેટ અને સહકારી ડેપોનું સૂચન કરે છે. તે મહિલાઓનું ઉદ્યોગ સાહિસકની તાલીમ મેળવવામાં મદદ કરે છે. તાલીમ કાર્યક્રમો નાના પાયાના ઉદ્યોગો ચલાવવા માટે જરૂરી ગુણો વિકસાવવામાં મદદ કરે છે. આવા તાલીમ કાર્યખ્રમો SIDO. જિલ્લા ઉદ્યોગ નિયામક સંસ્થા દ્વારા યોજનામાં આવે છે. આ યયોગે સૂચવ્યું છે કે.....

1. રાજ્ય સરાકરો એ મહિલા ઉદ્યોગ સાહસિકના પ્લોટ ફાળવવા જોઇએ.
2. મહિલા સાહિસકોને ખાસ માળખાકીય સુવિધાઓ પુરી પાડવી જોઇએ.
3. મહિલા સાહસિકોને અગ્રતાના ધોરણો લાઇસન્સ આપવા જોઇએ.
4. સરકારી ખરીદીમાં હમલિ સાહસિકો દ્વારા બનાવેલી વસ્તુને પ્રથમ પસંદગી આપવી.

**5. વર્લ્ડ અશોસિએશન વીમેન ઇન્ટરપેન્યોર (WAWA):-**

આ સંસ્થા મહિલા સાહસિકતા પર આંતરરાષ્ટ્રીય પરિષદોનું આયોજન કરે છે. સંસ્થાનો મુખ્ય હેતુ ઉદ્યોગ કરતી તમામ મહિલાઓને સાથે લાવવાનો છે. આ સંસ્થા મહિલાઓના અધિકારો તથા ફરજો પર ભાર પૂર્વક અને સુધારી શકાય તેવા સૂચનો કરે છે. સંસ્થામાં વિશ્વભરમાંથી 27000 થી વધુ મહિલા  સાહસિકોનું સભ્યપદ છે. સંસ્થાના વડાએ સૂચવ્યું છેકે વિવિધ આંતરરાષ્ટ્રીય સંગઠનો  સાથે જોડાયેલી મહિલાઓ ભારતમાં ધંધાકીય એકમની સ્થાપના કરે તથા આયાત નિકાસ પ્રવૃત્તિ કરે તેવી વ્યવસ્થા થવી જોઇએ.

**6. એસોસિએટેડ કેન્દ્રી વીમેન ઓફ ધી વર્લ્ડ (ACWW):-**

આ એસોસિએશનમાં જુદા-જદા 60 દેશો માંથી 10,000,000 (એક કરોડ) મહિલા સાહિસકો જોડાયેલા છે. જેઓ મુખ્યત્વે ગ્રામીણ ઉદ્યોગ સાહસિકો છે. સંસ્થા તેનાસભ્ય જૂથો એકબીજાને ટેકો અને મદદ કરી શકે તે માટે નેટવર્ક પૂરું પાડે છે. તે કૃષિ અને ગ્રામીણ ઉદ્યોગમાં મહિલા સાહસિકતાને પ્રોત્સાહન આપી રહ્યું છે.

**7. ભારતમાં મ.ઉ.સા.નો વિકાસ**

એ દિવસો વિતી ગયા જ્યારે ભારતમાં મહિલાઓ તેમના ઘરની ચાર દિવાલોમાં જ રહેતી હતી. અને તેમની અપાર શક્તિ અને આવડતતી લોકો અજાણ હતા. હવે જુદી-જુદી પ્રવૃત્તિઓમાં મહિલાઓનો હિસ્સો થતા ભાગીદારી વધી રહી  છે. મહિલાઓ હવે શૈક્ષણિક રાજકારણ વેપાર ઉદ્યોગ તથા વહીવટી ક્ષેત્રે પુરૂષ સામેવળી ભૂમિકા ભજવતી જોવા મળે છે. 1981માં મહિલાઓમાં સાક્ષરતાનો દર લગભગ 40 ટકા હતો જે વધીને 2001ની જન સંખ્યાના અહેવાલ મુજબ 54 ટકા જેવું થયું છે. સાક્ષરતાના દરનો વધારો શિક્ષણ માટેના બદલાયેલા વલણનું પ્રતિબિંબ પાડે છે. ઉચ્ચ શિક્ષણ તથા વ્યવસાયી લક્ષી શિક્ષણમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓમાં બહેનોનું પ્રમાણ 33.3 ટકા હતું જે 2001માં 40 ટકા જેવું થયું

હતું.આ પ્રકારના શિક્ષણના વ્યાપને કારણે બહેનોના સામાજિક, આર્થિક સ્વતંત્રની માત્રામાં ઉલ્લેખનીય વધારો થયો છે. નવેમ્બર 1981માં નવીદિલ્લી ખાતે યોજાયેલી મહિલા સાહસિકોની પ્રથમ રાષ્ટ્રીય પરિસદમાં મહિલાઓને જમીન, ફેક્ટરીરોડ, ઔદ્યોગિક લાયસન્સ તથા વીજ પાવરની ફાળવણીમાં અગ્રતા આપવાનું આહ્વાન કરવામાં આવ્યું હતું. આ સાથે મહિલાઓ માટે લોન પ્રક્રિયા, કાઉન્સિલીંગ સેવા તથા કેન્દ્રીય માર્કેટિંગ સેવા માટે ભલામણ કરાઇ હતી. મહિલાઓ સાહસિક માટે તાલીમ કાર્યક્રમો યોજવા માટે ભલામણ થઇ હતી.

NAYE (National Allions of Young Entrepreneurship) દ્વારા આયોજીત મહિલા ઉદ્યોગ સાહિસકો બીજી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ 1989માં નવીદિલ્લીમાં વર્લ્ડ એસેમબલી ઓફ સ્મલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઇઝ (WASME)ના નેજા હેઠળ યોજાઇ હતી. જેમાં નીચેના મુખ્યમ દ્વાઓની ચર્ચા કરવામાં આવી હતી.

તમામ રાષ્ટ્રીય સરકારો એ સામાજિક અને આર્થિક વિકાસ કાર્યક્રમમાં મહિલાઓની ભાગીદારીને પ્રોત્સાહન આપવું જોઇએ. આ સાથે મહિલાઓને જરૂરી માળખાકીય સુવિધા તાલીમ તથા માર્કેટિંગ સુવિધા મળી રહે અનેતેમના માર્ગમાં રહેલા અવરોધો દૂર કરવા માટેકાયદો ઘડવો. મહિલાઓ માટે જરૂરી નાણાંકીય સહાય તથા ટેકનોલોજીના બહોડા ઉપયોગ માટે વ્યવસ્થાનું સૂચન થયું હતું.

આંતરરાષ્ટ્રીય એજન્સી જેવી કે UNCTAD, UNDT, ILO અને કેન્દ્ર સરકારે મ.ઉ.સા. દ્વારા ઉત્પાદિત ઉત્પાદનોના વેપારના મુક્ત પ્રવાહને પ્રોત્સાહિત કરવા માટે યોગ્ય પગલાં લેવા જોઇએ. આ સાથે મહિલાઓમાં ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા માટેકાર્યકરતી. સરકારી અને અન્ય એજન્સીઓને નાણાંકીય અને નિષ્ણાંત સહાય પૂરી પાડવી જોઇએ.

આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય વેપાર મેળામાં મહિલા સાહસિકો દ્વારા ઉત્પાદીત ઉત્પાદનો વ્યાપક પણે પ્રદર્શિત થવા જોઇએ. UNESCO (યુનેસ્કો) અને વિવિધ દેશોના શિક્ષણ મંત્રાલયો એ મહિલા વિદ્યાર્થીઓના લાભ માટે જરૂરી સાહિત્ય. અભ્યાસક્રમોના પુસ્તકો અને પ્રકાશનો માટે પૂરા પાડવા જોઇએ.

ભારત સરકાર તાજેતરના વર્ષોમાં મ.ઉ.સા. ના વિકાસનો વધુ મહત્ત્વ આપી રહી છે. છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં મહિલા માલિકીના ઉદ્યોગોમાં સ્ત્રી રોજગારને પ્રોત્સાહન આપવાનું સૂચન થયું હતું. સાતમી પંચ વર્ષીય યોજનામાં મ.ઉ.સા.ના વિકાસ માટે તથા આર્થિક વિકાસમાં મહિલાઓમાં સુગ્રથન માટે ખાસ પ્રકરણ ફાળવવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે વિકાસના કાર્યક્રમો માં મહિલાઓને લક્ષ્યાંકિત જૂથ તરીકે વિશિષ્ટ સ્થાન આપવું અને તે અનુરૂપ વિવિધ પ્રકારના તાલીમ વર્ગનું આજન કરવું. આ સંદર્ભમાં મહિલાઓની સમસ્યાઓ દૂર થાય તથા તેમની ક્ષમતા અને ઉત્પાદકતામાં વધારો થાય તે પ્રકારની યોગ્ય ટેકનોલોજીનો વિકાસ થાય તેવું વાતાવરણ નિર્માણ કરવું. રાજ્યકક્ષાએ બજાર સહાય પૂરી પાડે તેના પ્રયત્ન કરવા તથા નિર્ણયકરણની પ્રક્રિયાઓમાં મહિલાઓની ભાગીદારી ઉપર ભાર મૂકવામાં આવેલો છે.

1991ની ઔદ્યોગિક નિતિમાં ભારત સરકારે મહિલાઓને ઉદ્યોગમાં પ્રોત્સાહિત કરવાના હેતુથી વિશેષ ઉદ્યોગ સાહસિકતા કાર્યક્રમ શરૂ કરવા પર ભાર મૂક્યો હતો. નીતિના નિવેદનમાં મહિલાઓને નાના પાયાના ઉદ્યોગ શરૂ કરવા સક્ષમ બનાવવા ઉત્પાદન અને પ્રક્રિયાલક્ષી કાર્યની ભલામણ કરવામાં આવી હતી. કેન્દ્ર અને રાજ્ય બંને સ્તરે અનેક શૈક્ષણિક વ્યવસ્થાઓ જેવી કે રાષ્ટ્રીયકૃત બેંકો રાજ્ય નાણાંકીય નિગમો, ઔદ્યોગિક નિગમો જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને સ્વૈચ્છિક એજન્સીઓ જેવી કે FICCI લેડિઝ ઓરગેનાઇઝેશન, નેશનલ એંરલાઇન્સ ઓફ યંગ એન્ટર પ્રેન્યોર્સ, દેશમાં મ.ઉ.સા.નું રક્ષણ અને વિકાસ કરવામાં કાર્યરત છે.

આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ પણ મહિલાઓની આર્થિક સમસ્યા પર ધ્યાન આપ્યું છે. નવેમ્બર 1978માં વિયેના દેશના ખાતે આયોજિત UNIDOની પ્રિપરેટરી મીટીંગમાં વિકાસશીલ દેશોમાં ઉદ્યોગીકરણમાં મહિલાઓની ભૂમિકા પર ચર્ચા કરવામાં આવી જેમાં મહિલાઓની વધુ અસરકારક ભાગીદારીમાં નીચેના અવરોધો પર ચર્ચા થઇ.

સામાજિક વલણ અને સંસ્થાકીય અવરોધો, અપૂરતી રોજગારીની તકો, અપૂરતું અને અયોગ્ય શિક્ષણ અને તાલીમ, અસંતોષકારક રોજગાર પરિસ્થિતિઓ, નિર્ણય લેવામાં ભાગીદારીનો અભાવ, અપૂરતી માહિતી.

યુનાઇટેડ મેશન્સ જનરલ એસેમ્બલીના 34માં સર્પીમાં રજૂ કરાયેલા શિક્ષણ અને આર્તિક તથા સામાજિક ક્ષેત્રમાં મહિલાઓની સ્થિત અને ભૂમિકા અંગેના તેમના અહેવાલમાં યુનાઇટેડ નેશન્સના મહાસચિવએ ધ્યાન દોર્યું કે અપૂરતું મૂળભૂત શિક્ષણ અને અપૂરતું યોગ્ય વ્યવસાયિક અને ટેક્નિકલ જ્ઞાન અને રોજગારીની સમાન તક માટે વ્યવસાયિકત લીમ મુખ્ય અવરોધો હતા. મહિલાઓએ કામની સમાન પરિસ્થિતિના સંદર્ભમાં અને ખાસ કરીને રોજગારીની સાથે સાથે ઘર અને બાળકોની સંભાળ મુખ્ય અવરોધક બને છે.

મહિલાઓને વિવિધ તકોનો લાભ લેવા અને વ્યવસાયમાં પડકારોનો સામનો કરવા તથા સશક્ત બનાવવા મટે નીચેના પગલા સૂચવવામાં આવ્યા છે.

1. મહિલા સાહસિકોને પ્રેરણા, પ્રોત્સાહન, સહકાર અને સતત અભિપ્રેરણા આપવાનો પ્રયાસ થવો જોઇએ.
2. વ્યાવસાયિક તાલીમ મહિલા સમુદાય સુધી પહોંચાડવી જોઇએ જેનાતીતેઓ ઉત્પાદન પ્રક્રિયા અને ઉત્પાદન સંચાલનને સમજવા માટે સક્ષમ બને.

3. મહિલા તથા મહિલાઓના સમુદાયને એક છત નીચે લાવી ચર્ચા-વિચારણા માટે સુવિધા આપવાના હેતુથી આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય પરીસંવાદો અને પરીસદો, સ્થાનિક વેપાર મેળાઓ તથા ઔદ્યોગિક પ્રદર્શનોનું આયોજન કરવામાં આવે.

5. મહિલાઓ સાહસિકોમાં સ્વ સહાય જૂથો મહિલાઓને ઉદ્યોગ, વેપાર અને વાણિજ્ય ક્ષેત્રે મદદ કરવા માટે સંસાધનો એકત્રિત કરવા તથા મૂડી ભંડોળ ઊભું કરવા માટે સંસાધનો એકત્રિત કરવા તથા મૂડી ભંડોળ કરવા માટે સકારાત્મક ભૂમિકા ભજવી. વ્યક્તિગત સ્તરે તથા તથા પેઢી સ્તરે મહિલા ઉ.સા.નો ખ્યાલ વધુ વ્યાપક બને તેવા પ્રયત્નો હાથ ધરવા.

7. વ્યવસાયમાં મહિલાઓને ઔદ્યોગિક પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા હળવી શરતો એ લોન આપવી તથા સબસીડી પુરી પાડવી. નાણાંકીય સંસ્થાઓએ લઘુ ઉધ્યોગ તથા મોટા પાયાનાં ઉદ્યોગ બંને માટે કાર્યકારી મૂડી સહાય પૂરી પાડવી જોઇએ.

હાલના સમયની વાત કરીએ તો મન્સા બિઝનેશમાંડંકો વગાડી રહ્યા છે. નવા અને નવામહિલા સ્ટાટપ શરૂ થઇ રહ્યા છે. તાજેતરમાં મહિલા સાહસિકતા વિશે પ્રસિદ્ધ થયેલા આંકડા કદાચ ભારતમાં કાર્યરત મહિલા સાહસિકો માટે નીરાસા જનક દેખાસે પરંતુ સાથે વધુ તક વાળા પણ છે. આખી દુનિયામાં અંદાજીત 13 કરોડ મહિલા સાહસિકો છે. જેમાંથી ભારતમાં નાના મોટા થઇને 50,00,000 જેટલા મહિલા સાહસિકો છે. પશ્ચિમના દેશોમાં લગભગ 30 ટકા મહિલાઓ સંગઠિત દેશોમાં છે જ્યારે ભારતમાં 24 ટકા મહિલાઓ સંગઠિત 7ત્રમાં છે. ભારતમાં પુરૂષોની સરખામણીમાં ફક્ત 13 ટકા મહિલાઓ ટોચ સપાટી અને નેતૃત્વમાં છે જ્યારે વિકસિત દેશોમાં આ આંક 40 ટકા થી  પણ વધારે છે. ભારતમાં મ.સા. બનવા માટે મુખ્ય પડકાર પુરુષ પ્રધાન સમાજ છે. જાં હવે ઘણો બદલાવ જોવા મળે છે. હવે મહિલાઓ પણ સારા હોદ્દા પર કાર્ય કરી રહી છે. અને સફળ નેતા તરીકે

પ્રસ્થાપિત થઇ રહી છે. અમુક ક્ષેત્રમાં તો મહિલાઓ પુરુષ સમવાળી જ નહીં પરંતુ ચડિયાતી બની છે. ભારતીય મહિલાઓ સફળતાપૂર્વક ઘર અને ઓફિસ બંનેની બેવડી જવાબદારી નિભાવી રહી છે. તેઓ સંચાલનમાં વધારો કુમળ હોય છે.

**સફળ મહિલા ઉદ્યોગ સાહસિકતાના ઉદાહરણોઃ-**

1. એકતા કપૂર-બાલાજી ટેલિફિલ્મ્સ
2. કિરણ મજમૂદાર શો - બાયોકોન લિમેટેડના સ્થાપક
3. સૂચિ મુખરજી- (રાઇમ રોડ અને CEO ના સ્થાપક
4. ફાલ્ગુની નાયક - નાયકાના સ્થાપક અને CEO
5. વંદના લુથરા - VLCCના સ્થાપક
6. કલ્પના સરોજ - કામાની ટ્યૂબના ચેર પર્સન, અને પહેલા મ.ઉ.સા.
7. સીમોન ટાટા- લેકમે કોસ્મેટીક્સના સ્થાપક
8. વિનીતા સિંગ- Suger Cosmetics ના સ્થાપક
9. દિવ્યા ગોકુલનાથ- Byjus ના સ્થાપક
10. ડૉ. ફ્લોરિડા ટીલટોન- બાયોઝોન રીસર્ચ ટેકનોલોજીના સ્થાપક
11. ઇલા ભટ્ટ - સેવા સંસ્થાના સ્થાપક